| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ | ૨૪/૧૧/૨૦૨૩ | | |
| દાખલ તારીખ | ૨૪/૧૧/૨૦૨૩ | | |
| ફેસલ તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૩ | ૧૦ |

**મહે. કપડવંજના સે.એડીશનલ ચીફ જયુડીયલ મેજીસ્ટ્રેટ શ્રી યુ.એસ.કાલાણી સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ**

**ક્રિ.પ્રા.અ.નં.૩૪૨/૨૦૨૩**

**આંક–**

**અરજદાર** :: **૧.જયશ્રીબેન તે મોરારભાઈ દેવજીભાઈની દિકરી,**

ઉ.વ.૩૫, ધંધો: ઘરકામ

**૨.સગીર ઉર્મીન જૈમીનભાઈ રાણા,**

ઉ.વ.૦૬, ધંધો : અભ્યાસ,

બંને રહે.કરશનપુરા, વણકરવાસ, મુ.પો.તા.કપડવંજ,જી. ખેડા

**વિરુધ્ધ**

**સામાવાળાઓ** :: **૧. જૈમીનભાઈ વિજયભાઈ રાણા,**

ઉ.વ.આ.૩૮, ધંધો: નોકરી

**૨. મીનાબેન વિજયભાઈ રાણા,**

ઉ.વ.આ.પુખ્ત, ધંધો: ઘરકામ,

**૩. સુષ્માબેન આષિશભાઈ રામચંદ્ર શાહ,**

ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ઘરકામ

**૪. આશીષભાઈ રામચંદ્ર શાહ,**

ઉ.વ. પુખ્ત, ધંધો : ઘરકામ

ઉપરના ૧ થી ૪ રહે. ડી–૪૩૧, કૃષ્ણનગર વિભાગ–૨,

આદીનગર, ઓઢવ, અમદાવાદ

**૫. દિપ્તી મણીભાઈ કટપરા,**

ઉ.વ.પુખ્ત, ધંધો : નોકરી

**૬. મીનાબેન ઉર્ફે મંજુલાબેન મણીભાઈ કટપરા,**

ઉ.વ. પુખ્ત, ધંધો : ઘરકામ,

**૭. મણીભાઈ કટપરા,**

ઉ.વ.પુખ્ત, ધંધો: નોકરી

ઉપરના ૫ થી ૭ રહે. બી/૧૧, કલ્પના નગર જનતા નગર,

બસ સ્ટેશનની સામે, ચાંદખેડા, તા.અમદાવાદ

**અરજ** – ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૧૨ , ૧૮, ૧૯, ૨૦, ૨૨ તથા ૨૬ મુજબ

**અરજદાર તરફે** – વિ.વ.શ્રી વી.એ.શેખ

**સામાવાળાઓ તરફે**–વિ.વ.શ્રી એન.કે.ગોહીલ

**:– ચુકાદો :–**

(૧) અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના લગ્ન સામાવાળા નં .૧ સાથે તારીખ ૧૦/૨/૧૫ ના રોજ તેઓના જ્ઞાતીના રીત રીવાજ મુજબ તથા હિન્દુ વિધિ મુજબ મોજે વણકરવાસ, તૈયબપુરા કપડવંજ મુકામે થયેલા અને ત્યારથી સામાવાળા નં.૧ અરજદારના પતિ થાય છે. તેમજ સામાવાળા નં.૨ સાસુ, સામાવાળા નં.૩ નણંદ, સામાવાળા નં.૪ નણંદોઈ છે તથા સામાવાળા નં.૫ સામાવાળા નં.૧ ની સાથે ગેરકાયદેસર સંબંધો ધરાવતા સ્ત્રી છે તેમજ સામાવાળા નં.૬ સામાવાળા નં.૫ ના માતા અને સામાવાળા નં.૭ સામાવાળા નં.૫ ના પિતા થાય છે.

અરજદારના લગ્ન વખતે તેઓના પિયર પક્ષ તરફથી અરજદારને એક સોનાનો દોરો, એક સોનાનો ડોકયુ સોનાની બુટી સાથે, સોનાનુ પેન્ડલ બુટીનો સેટ અડધા તોલાનો તથા ચાંદીમાં ગણેશની મુર્તિ તથા સામાવાળાઓને સોનાની ચેઈન તથા સગાઈમાં સોનાની વીંટી આપવામાં આવેલ અને અરજદારને કશુ આપવામાં આવેલ નહી. ઉપરોકત તમામ વસ્તુ સામાવાળાઓ પાસે છે. આ સાથે રસોડાસેટ, લાકડાનુ કબાટ, રાચ રચીલુ તથા ૧૧ જોડી કપડા પણ સામાવાળાના ઘરે છે.

અરજદાર વધુમાં જણાવે છે કે, તેઓને લગ્ન બાદ તરત જ આણું કરી સાસરીમાં તેડી લઈ ગયેલા અને ત્યારથી અરજદાર સંયુકત કુટુંબમાં તેઓના પતિ, સાસુ અને નણંદ સાથે રહેતા હતા. તેઓની સાસરીમાં સામાવાળા નં.૧ ની પત્ની તરીકે રહી લગ્નજીવનના તમામ હકકો અને ફરજો શાંતીથી અદા કરતા હતા. શરૂઆતમાં તેઓની લગ્નજીવન સારુ ચાલેલુ અને તેના ફળ સ્વરૂપે અરજદારે સગીર અરજદાર નં.ર ને જન્મ આપેલ. ત્યારબાદ આ કામના સામાવાળાઓનુ વર્તન બદલાયેલ અને નાની નાની વાતમાં વાંધા વચકા કાઢી મારઝુડ કરતા હતા અને સામાવાળા નં.૧ જે ફાઈનાન્સમાં નોકરી કરતા હતા ત્યાં તેમની સાથે સામાવાળા નં.પ નોકરી કરતી હોય તેઓની સાથે તેઓના આડા સંબંધો શરૂ થયેલા અને તેની જાણ તેઓને થતા તેઓએ સામાવાળાને આવુ ન કરવા બાબતે જણાવતા તેઓએ તેમની સાથે ઝઘડો કરી સામાવાળા નં.ર થી ૪ પણ સામાવાળા નં.૧ ને સહકાર આપતા અને તેઓને તેમની વિરુઘ્ધ ખોટી ખોટી ચઢવણી કરતા અને કહેતા કે આને કાઢી મુકી અમે તારુ લગ્ન દિપ્તી કે જે કમાઉ પત્ની છે તેની સાથે કરી આપીશુ તેમ કરી સામાવાળા નં.૧ તેઓની ચઢવણી ચઢી અરજદારને શારીરીક માનસીક ત્રાસ આપતા હતા પરંતુ અરજદાર તેઓના દિકરાના હિત ખાતર તેમની જોડે રહેતા હતા. છતાં પણ તેઓ સુધરેલ નહી અને અરજદારે તા.૧૦/૭/ર૧ ના રોજ સમાધાન કરાર કરી સ્ટેમ્પ પર અરજદારની સાથે સારી રીતે રહેવાનુ તેમજ સામાવાળા નં.પ સાથે કોઈ સંબંધો રાખવા નહી તેમજ અરજદારને હેરાન પરેશાન કરવા નહી તેવી બાંહેધરી આપી બે માસ પછી તેડી ગયેલા અને ત્યારબાદ પણ સામાવાળા નં.૧ નુ વર્તન બદલાયેલ નહી અને છેલ્લે તા.ર૦/૩/ર૩ ના રોજ સવારના દસેક વાગ્યાના સુમારે તેઓની પાસે આવીને છુટાછેડાની માંગણી કરેલી અને જણાવેલ કે મારે દિપ્તી સાથે લગ્ન કરવા છે તુ મને છુટાછેડા આપી દે જેથી તેઓએ છુટાછેડા

આપવાની ના પાડતા સામાવાળા નં.૧ ની માતા તેમજ બહેન અને બનેવી યાને સામાવાળા નં.ર થી ૪ હાજર હોઈ તેઓ બોલવા લાગેલ કે આજે તો તેને પતાવી દઈએ અને છુટાછેડા ન આપી તો વાંધો નહી મારી નાખીશુ તો છુટાછેડાની જરૂર નહી પડશે તેમ જણાવતા તેઓને ગડદાપાટુનો માર મારેલ પરંતુ તેઓનો દિકરો સ્કુલમાં હોઈ તમામ ત્રાસ સહન કરીને ત્યાં રહેલા પરંતુ તા.૧ ૬/૪/૨૩ ના રોજ ફરીથી છુટાછેડાની માંગણી કરી સામાવાળા નં.૧ તેમજ તેઓના ઘરના લોકોએ ફરીથી તેઓની પર હુમલો કરી છુટાછેડાની માંગણી કરી મારઝુડ કરેલ અને દર દાગીના જુંટવી લઈ કાઢી મુકેલા ત્યારથી અરજદાર તેઓના પિયરમાં રહેતા હતા પરંતુ તા.૧૮/૧૧ /૨૩ ના રોજ સામાવાળા નં.૧ સામાવાળા નં.પ ની સાથે સોમનાથ ફરવા ગયેલા અને તેઓના ફોટા તેઓએ તેના મોબાઈલના વોટસએપ સ્ટેટસમાં જોતાં અરજદારે સામાવાળા નં.૧ ને ફોન કરીને જણાવેલ કે તમો આવુ કેમ કરો છો તેમ કહેતા સામાવાળા નં.૧ ઉશ્કેરાઈ જઈ ગંદી ગાળો બોલી તેઓને દિપ્તી સાથે લગ્ન કરવાના છે તેમ કહી અરજદારનો ત્યાગ કરેલ તેના કારણે અરજદારે કપડવંજ ટાઉન પો.સ્ટે.માં સામાવાળાઓની વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૪૯૮, ૩૨૩ કલમો હેઠળ ફરીયાદ કરેલ અને ત્યારથી તેઓ પીયરમાં ઓશીયાળુ જીવન જીવે છે.

વધુમાં અરજદાર જણાવે છે કે, સામાવાળા નં.૧ ફાઈનાન્સમાં નોકરી કરી માસીક રૂ.૩૦ થી ૩પ હજાર પગાર મેળવે છે અને અરજદાર તથા સગીર દિકરા સિવાય ભરણપોષણની અન્ય કોઈની જવાબદારી નથી. અરજદાર ભીખાભાઈ ખાતુભાઈ પરમારના મકાનમાં માસીક ભાડુ રૂ.પ૦૦૦/– થી ભાડે રહે છે. સામાવાળાને બે પાકા મકાનો આવેલ છે.

અરજદાર અરજ કરી દાદ માંગેલ છે કે, (એ) તમામ સામાવાળાઓએ અરજદારને શારીરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે કાઢી મુકેલ હોય સદર તમામ ચીજ વસ્તુઓ કે જે તેઓનુ સ્ત્રીધન છે જે તેઓને પરત અપાવવા અરજ કરેલ છે. (બી) સામાવાળાઓએ અરજદારને પહેરેલ કપડે કાઢી મુકયા બાદ આજદીન સુધી રહેઠાણ માટેની કોઈ જ વ્યવસ્થા કરેલ ન હોય અરજદારને સામાવાળાઓ થકી મકાન લઈ આપી રહેઠાણની પુરેપુરી સગવડ કરી આપે તેમજ તે રહેઠાણવાળી મિલકતમાં અરજદાર સગીર દિકરા સાથે રહીએ તે મધ્યે સામાવાળાઓ કે અન્ય ઈસમો કે ત્રાહીત એજન્ટ ધ્વારા કોઈ હેલો હરકત, અટકાવ કે કોઈ શારીરીક કે માનસીક

ત્રાસ કે હુમલો કરે કરાવે નહી તે માટેનો જરૂરી બંદોબસ્ત કરી આપવા તથા જરૂરી પ્રોટેકશન પુરુ પાડવા જરૂરી હુકમ કરવા અરજ કરેલ છે. (સી) આ કામના સામાવાળા પાસેથી તાત્કાલીક વચગાળાના ભરણોપોષણ પેટે અરજદારોને આર્થિક સહાય એન ઘર ખર્ચના માસિક રૂ.૨,૦૦,૦૦૦/- ની જરૂરી હોય અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે. (ડી) અરજદારને સામાવાળાથી જાન માલની સલામતી અંગે સુરક્ષાનો આદેશ આપવા તેમજ સામાવાળા પાસેથી ઈલાયદુ વસવાટ માટે મકાનની વ્યવસ્થા પુરી પાડેલ ન હોય તેઓએ ભાડાનુ મકાન ભાડે રાખેલ હોય તેનુ માસીક રૂ.૫૦૦૦/- છે જે નિયમીત રીતે સામાવાળા દર માસે અરજદારને ભાડાની રકમ રૂ.૫૦૦૦/- સામાવાળા નં.૧ પાસેથી આપવા હુકમ કરવા અરજ કરેલ છે. (ઈ) અરજદારને તમામ સામાવાળાઓએ કરેલ માનહાની તેમજ માનસીક તથા શારીરીક ત્રાસ અને પરીતાપ બદલ રૂ.૫,૦૦,૦૦૦/- પુરાનો વળતર અપાવવા ન્યાયના હિતમાં હુકમ કરવા અરજ કરેલ છે. (એફ) અરજદારના પતિ, સાસુ, સસરા વિગેરેની તમામ મિલકતોમાં કાયદેસરના હકકદાર તરીકે દાખલ કરવા અરજ કરેલ છે. (જી) આ અરજી સંબંધે આપ નામદાર કોર્ટને બીજી યોગ્ય દાદ યા દાદો અપાવવા અરજ કરેલ છે.

**(૨)** આ કામના સામાવાળાઓએ અરજદારની અરજી વિરુધ્ધનો લેખિત જવાબ આંક-૦૬ થી રજુ કરી અરજદારની અરજીની હકીકતોનો સ્પષ્ટપણે સ્વીકાર કર્યા સિવાયની હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારના સામાવાળાની સાથે ત્રીજા લગ્ન છે અને અરજદારના બીજા લગ્ન છે. તે હકીકત બીન તકરારી છે. વધુમાં જણાવે છે કે, અરજદારે અરજીમાં જણાવેલ કરીયારવર ખોટુ છે અને તેવુ કોઈ કરીયાવર અરજદાર તેમની સાથે લાવેલ નહી અને સામાવાળાએ અરજદારને લગ્ન વખતે સોનાનો દોરો, ચાંદીનુ મંગળસુત્ર, ચાંદીના પાયલ, સોનાની નાકની ચુની, સોનાની કાનની બુટ્ટી આપેલ જે અરજદારે લઈ તેઓનો ત્યાગ કરેલ છે તથા સામાવાળાઓએ અરજદારને કોઈ શારીરીક માનસીક ત્રાસ આપેલ નથી કે મારઝુડ કરેલ નથી. વધુમાં દિપ્તીબેન સાથે તેઓ પર જે અરજદારે આક્ષેપ કરેલ છે તેવા કોઈ સંબંધો તેઓને નથી જે તે વખતે દિપ્તીબેન તેઓના સ્ટાફમાં હોય વાત કરતા અને મિત્રતા ધરાવતા હતા

અને તેનો અરજદારે ગેરલાભ લઈ સામાવાળાઓના ચારીત્રય પર આક્ષેપ કરેલ છે જેથી અરજી રદ કરવા અરજ કરેલ છે. વધુમાં સામાવાળાઓ એમ.સી.એસ.કોર્પોરેટમાં સામાન્ય નોકરી કરે છે અને અરજદાર જણાવે તેવી કોઈ આવક ધરાવતા નથી અને સામાન્ય આવકમાં સામાવાળા તેઓનુ પોતાનુ તેમજ વિધવા માતાનુ બંનેનુ ભરણપોષણ કરે છે તેમજ અરજદાર ધો.૧૨ ભણેલ છે અને આવક મેળવવા સારૂ સક્ષમ છે અને પોતાનુ ભરણપોષણ કરવા પણ સક્ષમ છેજેથી અરજદારની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે અરજદાર તરફે પોતાના કેસની હકીકતોના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા**

| સાહેદનું નામ | આંક |
|---|---|
| અરજદાર જયશ્રીબેન તે મોરારભાઈ દેવજીભાઈની સરતપાસની એફીડેવીટ | ૧૦ |

**દસ્તાવેજી પુરાવા**

| સાહેદનું નામ | આંક |
|---|---|
| સમાધાન કરાર | ૧૪ |
| ભાડા કરાર | ૧૫ |

ત્યારબાદ અરજદાર તરફે આંક-૧૬ થી પુરાવાબંધની પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે તેઓને કોઈ મૌખીક કે લેખીત પુરાવા આપવા માંગતા નથી.

(૪) સદર કામે સામાવાળા તરફે પોતાના કેસની હકીકતોના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવા</u>**

| સાહેદનું નામ | આંક |
|---|---|
| સામાવાળા જૈમીનભાઈ વિજયભાઈ રાણાની સરતપાસની એફીડેવીટ | ૧૭ |

ત્યારબાદ સામાવાળા તરફે આંક–૨૩ થી પુરાવાબંધની પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે તેઓને કોઈ મૌખીક કે લેખીત પુરાવા આપવા માંગતા નથી.

**(૫)** ઉપરોકત હકીકત મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા સાથે તેમનો કૌટુંબીક સંબંધ છે?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા દ્વારા તેણીની ઉપર કૌટુબીંક હિંસા આચરવામાં આવેલ છે ?

(૩) શું અરજદાર તેમની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદૃાઓના મારા નિર્ણયો અને તેના કારણો સહિત નીચે મુજબ છે.

(૧) અંશત:હકારમાં

(૨) અંશત:હકારમાં

(૩) અંશત : હકારમાં

(૪) આખરી હુકમ મુજબ

**<u>–:કારણો :–</u>**

**(૭)** ઉપરોકત નિર્ણય અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>ડોમેસ્ટીક વાયોલેન્સ.</u>**

**૩.<u>કૌટુમ્બિક હિંસાની વ્યાખ્યા.</u>**

આ કલમના હેતુઓ માટે પ્રતિવાદીનું કોઈ કૃત્ય, કાયલોપ, કાર્ય અથવા વર્તન કૌટુમ્બિક હિંસા બનશે જો–(ક) તેથી વ્યથિત વ્યકિતની માનસિક અથવા શારીરિક તંદુરસ્તી, સલામતી, જિંદગી, અવયવ કે સુખાકારીને જોખમ, હાની કે ભય પહોંચે અથવા તેવી મનોવૃત્તિયુકત હોય તથા તેમાં શારીરિક શોષણ, જાતિય શોષણ, મૌખિક અથવા ભાવનાત્મક શોષણ તથા આર્થિક શોષણનો સમાવેશ થાય છે :

**અથવા**

(ખ) તેથી દહેજ કે અન્ય મિલકત કે કિંમતી જામીનગીરી આપી દેવા માટેની ગેરકાનૂની માંગણી પરિપૂર્ણ કરવા વ્યથિત વ્યકિત કે તેણીના સગા પર દબાણ લાવવા માટે પજવણી, નુકશાન, ઈજા કે જોખમ ઉભુ થાય :

**અથવા**

(ગ) તેથી વ્યથિત વ્યકિત અથવા તેણીના સગાને ખંડ(ક) અથવા ખંડ (ખ) મા દર્શાવ્યા મુજબના વર્તનથી ધમકી ફલિત થતી હોય :

**અથવા**

(ઘ) તેથી વ્યથિત વ્યકિતને અન્ય કોદઈ રીતે શારીરિક અથવા માનસિક ઈજા કે નુકશાન પહોંચે.

**<u>કલમ ૧૮. રક્ષણના આદેશ : –</u>**

વ્યથિત વ્યકિત તથા પ્રતિવાદીને સુનાવણીની તક આપ્યા બાદ કૌટુમ્બિક હિંસા થવા પામી છે તેવો પ્રથમ દર્શનીય સંતોષ મેજિસ્ટ્રેટને થાય તો વ્યથિત વ્યકિતની તરફેણમા રક્ષણનો આદેશ કરીને પ્રતિવાદીને –

(ક) કૌટુમ્બિક હિંસાનું કૃત્ય કરતા :

(ખ) કૌટુમ્બિક હિંસાના કૃત્યોમા સહાયતા કે મદદગારી કરતા :

(ગ) વ્યથિત વ્યકિતના રોજગારના સ્થળે અથવા વ્યથિત વ્યકિત બાળક હોય તો તેની શાળામા કે વ્યથિત વ્યકિત અવાર નવાર જે સ્થળે જતા હોય ત્યાં પ્રવેશતા :

(ઘ) વ્યથિત વ્યકિતનો પ્રત્યક્ષ, મૌખિક અથવા લેખિત કે ઈલેકટ્રોનીક અથવા ટેલીફોન સહિતના ( માધ્યમો ) ધ્વારા સંપર્ક કરવાની કોશીષ કરતા :

(ચ) સ્ત્રીધન અથવા પક્ષકારો સંયુકતપણે કે અલગ રીતે ધરાવતા હોય તેવી કોઈ પણ મિલકત સહિત કોઈપણ અસ્કયામતોનું હસ્તાંતર અથવા સંયુકત બેન્ક લોકર કે બેન્કના ખાતા કે જે બંને પક્ષકાર ધરાવતા હોય કે ઉપયોગ અથવા ઉપભોગ કરતા હોય તેનું મેજિસ્ટ્રેટની પરવાનગી વગર સંચાલન કરતા :

(છ) કૌટુમ્બિક હિંસાની બાબતમા વ્યથિત વ્યકિતને સહાય કરતા તેણીના આશ્રિત, અન્ય સગા કે કોઈ વ્યકિત પર બળ પ્રયોગ કરતા :

(જ) રક્ષણના આદેશ દર્શાવવામા આવે તેવું કોઈપણ કૃત્ય કરતા :– અટકાવી શકશે.

<u>**કલમ ૧૯. રહેઠાણનો આદેશ :–**</u>

(૧) કલમ ૧૨ ની પેટા કલમ(૧) હેઠળની અરજીનો નિકાલ કરવા સમયે કૌટુમ્બિક હિંસા થવા પામી છે તેવો સંતોષ મેજિસ્ટ્રેટને થાય તો –

(ક) મજિયારા રહેઠાણમા કાનૂની કે ન્યાયોચિત હિત હોય કે ન હોય તેમ છતા મજિયારા રહેઠાણમાંથી વ્યથિત વ્યકિતનો કબજો છીનવી લેતા કે અન્ય કોઈ પ્રકારે કબજામા ખલેલ કરતા પ્રતિવાદી અટકે :

(ખ) મજિયારા રહેઠાણમાંથી પ્રતિવાદી પોતાને હટાવી લે :

(ગ) વ્યથિત વ્યકિત રહેતા હોય તે મજિયારા રહેઠાણ કે તેના કોઈ હિસ્સામા પ્રતિવાદી પ્રવેશે નહિ :

(ઘ) મજિયારા રહેઠાણનું હસ્તાંતર કે નિકાલ કરતા પ્રતિવાદી અટકે :

(ચ) મજિયારા રહેઠાણ પરથી, મેજિસ્ટ્રેટની પરવાનગી વગર, પ્રતિવાદી પોતાના અધિકાર ત્યજી દેતા અટકે :

(છ) મજિયારા રહેઠાણમા વ્યથિત વ્યકિતએ જે સવલત ભોગવી હોય તે જ ધોરણની વૈકલ્પીક ( સવલત ) પ્રતિવાદી આપે અથવા સંજોગો જોતા આવશ્યક જણાય તો તે માટે ( પ્રતિવાદી ) ભાડુ આપે :

પરંતુ કોઈ વ્યકિત કે જે સ્ત્રી હોય તેની સામે ખંડ(ખ) મુજબનો આદેશ કરી શકશે નહીં.

(૨) વ્યથિત વ્યકિત કે વ્યથિત વ્યકિતના કોઈ સંતાનના રક્ષણ કે સલામતી માટે વાજબીપણે આવશ્યક જણાય તેવી વધારાની શરતો મેજિસ્ટ્રેટ લાદી શકશે અથવા અન્ય કોઈ નિર્દેશ આપી શકશે.

(૩) કૌટુમ્બિક હિંસા થતી નિવારવા માટે ખત, જામીનદાર સહિત કે વગરનું, કરી આપવા માટે મેજિસ્ટ્રેટ પ્રતિવાદીને આદેશ કરી શકશે.

(૪) પેટા–કલમ (૩) હેઠળનો આદેશ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ( સને

૧૯૭૪ નો બીજો ) ના પ્રકરણ ૮ હેઠળ કરવામા આવ્યો છે તેમ ગણાશે તથા તે મુજબ

(કાર્યવાહી) ચલાવવામા આવશે.

(૫) પેટા–કલમ (૧), પેટા–કલમ (૨) તથા પેટા–કલમ (૩) હેઠળના આદેશ કરવા

સમયે અદાલત, વ્યથિત વ્યકિતને અથવા તેણી વતી અરજી કરનાર વ્યકિતને તે આદેશનો અમલ કરી શકે તે માટે રક્ષણ આપવા નિકટતમ પોલીસ થાણાના કાર્યવાહક અધિકારીને નિર્દેશ આપી શકશે.

(૬) પક્ષકારોની નાણાંકીય જરુરીયાત તથા સાધનો લક્ષ પર લઈને પેટા–કલમ(૧) હેઠળનો આદેશ કરવા સમયે ભાડુ ભરવા કે અન્ય ચુકવણાની જવાબદારી પ્રતિવાદી નિભાવે તેવો આદેશ મેજિસ્ટ્રેટ કરી શકશે.

(૭) જે પોલીસ થાણાની હકુમતમા મેજિસ્ટ્રેટને રજુઆત કરવામા આવી હોય તેના કાર્યવાહક અધિકારીને મેજિસ્ટ્રેટ નિર્દેશ આપી શકશે કે રક્ષણના આદેશનો અમલ કરવામા તે સહાયતા કરે :

(૮) જે માટે તેણી હકકદાર હોય તે સ્ત્રીધન અથવા અન્ય મિલકત અથવા કિંમતી જામીનગીરીનો કબજે વ્યથિત વ્યકિતને પરત કરવા માટે પ્રતિવાદીને મેજિસ્ટ્રેટ નિર્દેશ આપી શકશે.

**મુદ્દા નં. ૧ થી ૩**

**(૮)** આ કામે બંને પક્ષે રજુ થયેલ પુરાવાઓ તથા બંને પક્ષે સ્વીકારેલ હકીકતો મુજબ અરજદાર નં.૧ ના લગ્ન સામાવાળા સાથે થયેલ હતા અને તે રીતે અરજદાર નં.૧ તથા સામાવાળા કાયદેસરના પતિ–પત્ની બનેલા અને તેઓ હાલ પણ પતિ પત્ની છે તેમજ સામાવાળા નં.૨ તે અરજદારના સાસુ થાય છે અને સામાવાળા નં.૩ અને ૪ તેઓના નણંદ નણંદોઈ થાય છે. અરજદાર અને સામાવાળાઓ વચ્ચે કૌટુંબીક સંબંધ હોવાની હકીકત સ્વીકારેલ હોય તે બાબતે કોઈ તકરાર રહેતી ન હોઈ વધુ ચર્ચા કરવાની જરૂરીયાત જણાતી નથી.

આ કામે આંક–૧૦ થી અરજદાર જયશ્રીબેન તે મોરારભાઈ દેવજીભાઈની સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે જેમાં તેઓએ તેમની અરજી મુજબની હકીકત દોહરાવેલ છે અને ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, સામાવાળા સાથે તેઓના લગ્ન ત્રીજા લગ્ન છે. લગ્ન વખતે સામાવાળા તરફથી સોના ચાંદીના ૫ દાગીના તેઓને આપેલા અને તેઓ જણાવે છે કે તે દાગીના તેઓના સાસુએ બીજા દિવસે લઈ લીધેલા. સામાવાળાઓના મકાન તેઓના માતાના નામે છે. સામાવાળાઓ ફાઈનાન્સ કંપનીમાં મહીને ૩૦ થી ૩૫ હજાર કમાય છે તે બાબતેનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. તા.૧૬/૪/૨૩ થી તેઓ તેમના પિયરમાં રહે છે. હાલ તેઓ કપડવંજ કરશનપુરા મુકામે ભીખાભાઈ ખાતુભાઈ પરમારના મકાનમાં ભાડેથી રહે છે. મકાન ભાડુ ૫૦૦૦ માસીક છે અને લાઈટબીલ બે મહીને ૬૦૦ થી ૭૦૦ આવે છે. તેઓને સવાલ પુછવામાં આવેલ કે તમે શરીરે સશકત છો અને તમોને કોઈ બીમારી નથી? તેના જવાબમાં તેઓ જણાવે છે કે તેઓને ત્રણ ઓપરેશન કરાવેલ છે અને તેઓ વધુ સમય બેસી શકતા નથી. એ વાત ખરી છે કે સામાવાળા સાથે નોટરી રૂબરૂ સમાધાન કરાર છે. જે નડીયાદ મુકામે થયેલ છે. સામાવાળાએ જણાવેલ કે તેઓને તેમની સાથે છુટાછેડા જોઈએ છે તેવુ જણાવેલ. એ વાત ખરી છે કે સામાવાળા સામે ભરણપોષણ મેળવવા માટે નામદાર ફેમીલી કોર્ટ કપડવંજ ખાતે ક્રિ .પ.અ.નં.૪૨/૨૪ થી અરજી કરેલ છે. હાલની અરજીના કામે સામાવાળાએ જવાબ રજુ કરેલ છે તેના જવાબમાં જણાવે છે કે તેઓને ખબર નથી.

આ કામે આંક–૧૭ થી સામાવાળા અરજદાર જૈમીનભાઈ વિજયભાઈ રાણાની સરતપાસની એફીડેવીટ રજુ કરેલ છે જેમાં તેઓએ તેમની અરજી મુજબની હકીકત દોહરાવેલ છે અને ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓના લગ્ન સને ૨૦૧૫ માં થયેલા. લગ્ન બાદ અરજદાર ત્યાં સારી રીતે રહેતા હતા સાહેદ જણાવે છે કે એક દોઢ મહીના સારી રીતે રહેલા. એ વાત ખરી છે કે, તેઓના લગ્ન તેઓના માતા પિતાની સંમીતીથી થયેલા. ત્યારબાદ તેઓને સવાલ પુછવામાં આવેલ કે તમારા વચ્ચે કોઈ મતભેદ ન હોવા છતાં પણ તમે અરજદારને મારઝુડ કરી કાઢી મુકેલ? તેના જવાબમાં તેઓ જણાવે છે કે, તેઓએ મારઝુડ કે કાઢી મુકેલ નથી. ત્યારબાદ તેઓએ સવાલ પુછવામાં આવેલ છે કે, તમે તથા તમારા વડીલો તેમજ અરજદર અને તેમના વડીલો ભેગા થયેલા અને સમાધાન બાબતે નોટરી રૂબરૂ તા.૧

૦/૭/૨૧ ના રોજ કરાર કરેલ અને તમે ખાત્રી આપેલી કે મારઝુડ કરશો નહી? તેના જવાબમાં તેઓએ જણાવેલ કે અરજદારે નડીાયદ મહીલા પોલીસ સ્ટેશનમાં કેસ કરેલો અને ત્યાં નોટરી રૂબરૂ સમાધાન કરેલુ અને સારી રીતે રાખવાની ખાત્રી આપેલ.

એ વાત ખરી છે કે, આંક–૧૪ વાળા કરારમાં એવો ઉલ્લેખ કરેલો કે હાલના સામાવાળા નં .પ દિપ્તીબેન સાથે કોઈ સંબંધ રાખીશ નહી તેવુ જણાવેલ. આ કામના અરજદારે આજથી ચાર–પાંચ માસ પહેલા બી.એન.એસ.ની કલમ–૮૨ મુજબ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં અરજી આપેલી. એ વાત ખરી છે કે અરજદારે તેઓના તથા તેમના પરીવારની સામે ઈ.પી.કો. કલમ–૪૯ ૮(ક) વિગેરે મુજબની ફરીયાદ કરેલ છે. તેઓનો હાલનો પગાર માસીક રૂ.૧૫,૦૦૦/– છે.

આ કામે અરજદારે આ કામના સામાવાળા નં.૧ થી ૭ સામે ઘરેલુ હિંસા અન્વયે ફરીયાદ કરેલ છે. આ કામે ઘરેલુ હિંસાના આક્ષેપો પુરવાર કરવા માટે કાયદા મુજબ જે વ્યકિત સામે આક્ષેપો કરવામાં આવેલ હોય તે વ્યકિત તેમની સાથે કૌટુંબીક સંબંધ ધરાવતી હોવી જોઈએ અને તેઓની સાથે કૌટુંબીક સંબંધમાં રહેતી હોવી જોઈએ. આ કામે અરજદારે જે સામાવાળા નં.પ થી ૭ તરીકે પક્ષકારને જોડેલ છે તેમાં અરજદારના પુરાવા મુજબ સામાવાળા નં.પ ની સાથે સામાવાળા નં.૧ ના આડા સંબંધ છે અને સામાવાળા નં.૬ અને ૭ તેના માતા પિતા છે જેથી આ કામે સામાવાળા નં.પ થી ૭ સાથે અરજદાર કોઈ કૌટુંબીક સં બંધ ધરાવતા નથી કે ઘરેલુ સંબંધમાં રહેલ નથી. જેથી તેઓની સામે ઘરેલુ હિંસા અન્વયે કાર્યવાહી થઈ શકે નહી. આ કામે સામાવાળા નં.૩ અને ૪ જેઓ આ કામના અરજદારના નણંદ અને નણંદોઈ છે. આ કામે અરજદારે તેમના પુરાવામાં જણાવેલ છે કે આ કામના સામાવાળા નં.૧ સામાવાળા નં.પ સાથે આડા સંબંધ ધરાવતા હતા અને તે અંગે આ કામના સામાવાળા નં.૨ થી ૪ નાઓને જણાવતા તેઓ સામાવાળા નં.૧ નો સાથ આપતા હતા. આ કામે સામાવાળા નં.૩ અને ૪ પણ અરજદાર સાથે રહેલ હોય તેવી કોઈ હકીકત અરજદારની અરજીમાં કે પુરાવામાં જણાઈ આવતી નથી અને આ કામે માત્ર સામાવાળા નં.૩ અને ૪ અરજદારના નણંદ નણંદોઈ હોવાથી તેઓની સામે ઘરેલુ હિંસાનુ કૃત્ય આચરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી અને આ કામે અરજદારે તમામની સામે આક્ષેપો કરેલા છે અને સામાવાળા નં.૩

અને ૪ ના કોઈ સ્પેશીફીક કૃત્ય કરેલ હોય તેવુ જણાવેલ નથી. જેથી આ કામના સામાવાળા નં.૩ અને ૪ નાઓની સામે પણ ઘરેલુ હિંસા આચરેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. જેથી મુદૃા નં. ૧ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

આ કામે સામાવાળા નં.૧ તેમના પતિ થાય છે જેઓએ સામાવાળા નં.પ સાથે આડા સંબંધ રાખેલ છે અને સામાવાળા નં.ર તેઓના સાસુ થાય છે જેઓ એક જ ઘરમાં રહે છે. આ કામના સામાવાળા નં.૧ અને ર નાએ અરજદારને માનસીક અને શારીરીક ત્રાસ અને મારઝુડ કરેલ તે અંગે અરજાદારે કપડવંજ ટાઉન પો.સ્ટે.માં ફરીયાદ કરેલ હોવાનુ તેઓ તેમની અરજીમાં જણાવે છે આ કામે તે સિવાય કોઈ મહત્વની હકીકત બહાર આવેલ નથી. આ કામે અરજદારે જે આક્ષેપો કરેલ છે જેમાં તેઓએ આ કામના સામાવાળા નં.૧ અને રનાઓએ તેઓને માનસીક અને શારીરીક ત્રાસ આપી કાઢી મુકેલ છે. આ કામે અરજદારને કાઢી મુકયા બાદ સામાવાળાએ કયારેય તેમના ભરણપોષણની કે રહેઠાણની વ્યવસ્થા કરેલ નથી. આ કામે જે ઘરેલુ હિંસાનો આક્ષેપ કરેલ છે તે ઘરની અંદર બને છે અને તે અંગે કોઈ સામાન્ય રીતે કોઈ સાહેદ હોઈ શકે નહી તેવા સંજોગોમાં અરજદાર જે હકીકત જણાવતા હોય તે ન માનવા માટે કોઈ કારણ નથી. વધુમાં આ કામે સામાવાળા નં.૧ ને સામાવાળા નં.પ સાથે આડા સંબંધો હોય તેવુ અરજદાર તેઓની અરજીમાં જણાવે છે જે પણ એક પ્રકારની ઘરેલુ હિંસા ગણી શકાય. તેમજ સામાન્ય રીતે કોઈપણ સ્ત્રી વગર કારણે પોતાનુ ઘર છોડે નહી અને આ કામે અરજદારે જે ઘરેલુ હિંસાના આક્ષેપ કરેલ છે તે જોતા તેઓની સાથે સામાવાળા નં.૧ અને ર નાએ ઘરેલુ હિંસા કરેલ હોવાનુ જણાઈ આવે છે. જેથી મુદૃા નં.ર નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

આ કામે અરજદારના જણાવ્યા મુજબ આ કામના સામાવાળા રૂ.૩૦ થી ૩પ હજાર નોકરી કરીને કમાય છે અને તેઓની સામે આવકના પુરતા સાધન છે. તેમજ અરજદાર અને તેમના દિકરા સિવાય અન્ય કોઈની જવાબદારી નથી. આ કામે અરજદારે મકાન ભીખાભાઈ ખાતુભાઈ પરમાર પાસેથી માસીક રૂ.પ૦૦૦/– થી ભાડે રાખેલ છે. આ કામે અરજદારે જે મકાન ભાડે રાખેલ છે તે અંગે આંક–૧૩ થી ભાડા કરાર રજુ કરેલ છે જેમાં મકાનનુ ભાડુ પ૦૦૦ રૂપીયા જણાવેલ છે.

આ કામે તે અંગે અરજદારની ઉલટ તપાસ કરવામાં આવેલ જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ કે તેમના માતા પિતા કરશનપુરા કપડવંજ મુકામે રહે છે અને ભાડે રાખેલ મકાન પણ કરશનપુરા ખાતે આવેલ છે. આ કામે જે મકાન ભાડે રાખેલ તે બે માળનુ છે. એ વાતનો અસ્વીકાર કરેલ છે મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર મકાન માલીકનો સામાન ભરેલ છે અને તેઓ પહેલા માળે રહે છે. એ વાતનો અસ્વીકાર કરે છે કે, તેઓ પહેલા માળે ભાડે રહે છે. આ કામે સામાવાળાની કેટલી આવક છે તે પુરવાર કરવાની જવાબદારી સામાવાળાની છે આ કામે સામાવાળાએ આંક–૨૦ થી તેઓ જે એસ.એમ.ઈ. ફાઈનાન્સ કંપનીમાં નોકરી કરે છે તે માર્ચ, એપ્રિલ અને મે ૨૦૨૫ની પગારસ્લીપ રજુ કરેલ છે જેમાં તેઓએ તેમની આવક રૂ.૧૫,૦૦૦/– માસીક હોવાનુ જણાવેલ છે. આ કામે અરજદાર અને સામાવાળાના પુન: લગ્ન છે. આ કામે સામાવાળાએ તેમની માસીક આવક રૂ.૧૫,૦૦૦/– હોવાનુ જણાવેલ છે. જયારે કે આ કામના અરજદારે તેઓની આવક રૂ.૩૦ થી ૩૫ હજાર હોવાનુ જણાવેલ છે. આ કામે સામાવાળાએ તેમની આવક અંગે પગાર સ્લીપ રજુ કરેલ છે અને તેઓએ તેમના માતા અને ભાઈના ભરણપોષણની જવાબદારી તેમના શીરે હોવાનુ જણાવેલ છે. આ કામે અરજદાર પાસે આવકનુ કોઈ સાધન નથી. આ કામે અરજદારે રૂ.૫૦૦૦/– થી મકાન ભાડે રાખેલ છે અને જે અંગે આંક–૧૩ ભાડા ચિઠ્ઠી રજુ કરેલ છે. આ કામે અરજદાર તા.૧૬/૪/૨૩ થી તેમના પિયરમાં રહેતા હોવાનુ જણાવેલ છે અને હાલની અરજી દાખલ થયા બાદ તા.૧૭/૧/૨૪ ના રોજ મકાન ભાડે રાખેલ. આ કામે અરજદારને કાઢી મુકયા બાદ તેમના પિયર મુકામે રહેતા હતા અને જે મકાન ભાડે રાખેલ છે તે પણ તેઓના પિયરની બાજુમાં છે. આ કામે અરજદારે આ જે ભાડા કરાર રજુ કરેલ છે તે અં ગે તેઓના સોગંદનામામાં ઉલ્લેખ કર્યા સિવાય મકાન માલીકને આ અંગે તપાસેલ નથી. આ કામે આ જે અરજદાર મકાન ભાડે રાખેલ હોવાનુ જણાવે છે તે અંગે લાઈટબીલ ભરેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ ભાડા કરાર રજુ થયેલ છે પરંતુ તેઓ કાયદા મુજબ તેને પુરવાર કરેલ નથી. તેમજ આ કામે અરજદારે સામાવાળા નં.૧ ના સામાવાળા નં.૫ સાથે આડા સંબંધ હતા તે બાબતે તેઓએ આંક–૨૨/૧ થી ફોટો રજુ કરેલ છે પરંતુ તે ફોટો અંગે તેઓએ કોઈ સાહેદ તપાસેલ નથી કે કોઈ ફોટોગ્રાફી બાબતનો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી તે કાયદા મુજબ પુરવાર થતુ નથી. આમ, આ તમામ હકીકત ધ્યાને રાખી અને સામાવાળાની આવક તથા તેના પર

તેના માતા અને ભાઈની જવાબદારી છે તે હકીકત ધ્યાને રાખી અરજદાર નં.૧ ૩૫૦૦ અને અરજદાર નં.૨ ને ૨૫૦૦/– માસીક ભરણપોષણ તરીકે ચુકવવાનો આદેશ કરવામાં આવે છે. આ કામે અરજદાર સાથે ઘરેલુ હિંસા થયેલ હોય અને તેઓએ કોઈ સારવાર લીધેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. જેથી તે અંગે કોઈ વળતર આપવાનુ ઉચીત જણાતુ નથી.

આમ, ઉપરોકત ચર્ચા મુજબ અરજદાર ભરણપોષણ મેળવવા હકકદાર હોવાનું આ અદાલતનું માનવું હોઈ મુદ્દા નં.૩ નો જવાબ અંશત : હકારમાં આપી મુદ્દા નં.૪ ના જવાબમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>– :: હુ ક મ :: –</u>**

– અરજદારની હાલની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

– આ કામના સામાવાળા નં.૧ અને ૨ નાઓને આદેશ કરવામાં આવે છે કે તેઓએ અરજદાર સામે ઘરેલુ હિંસા આચરવી નહી તેમજ સામાવાળા નં.૧ નાઓએ અરજદાર સાથે કોઈપણ પ્રકારનો ટેલીફોનીક કે અન્ય કોઈ રીતે સંપર્ક સાધવાનો પ્રયત્ન કરવો નહી.

– આ કામના સામાવાળા નં.૩ અને ૪ નાઓએ ઘરેલુ હિંસાનુ કૃત્ય આચરેલ ન હોય તેમજ સામાવાળા નં.૫ થી ૭ નાઓ સાથે અરજદારનો કોઈ કૌટુંબીક સંબંધ ન હોય તેઓની સામે અરજી નામંજુર કરવામાં આવે છે.

– આ કામના સામાવાળા નં.૧ જૈમીનભાઈ વિજયભાઈ રાણાને ફરમાવવામાં આવે છે કે તેમણે અરજદાર નં.૧ના માસિક ભરણપોષણ પેટે રૂા.૩૫૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો પુરા) તથા અરજદાર નં.૨ ના માસિક ભરણપોષણ પેટે રૂ.૨૫૦૦/–(અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) આ અરજી દાખલ થયાની તારીખથી એટલે કે તા.૨૪/૧૧/૨૦૨૩ ના રોજથી દર મહીને નિયમીત રીતે ચડયેચડયા અરજદારને ચુકવી આપવા.

– અરજદાર અન્ય કોઈ કાયદાની જોગવાઈ હેઠળ ભરણપોષણ મેળવતા હોય તો તે રકમ સામે આ હુકમ મુજબની રકમ મજરે આપવાની રહેશે.

– અરજદારને આ અરજીના ખર્ચ પેટે સામાવાળાઓએ સંયુકત રીતે રૂા.૨૦૦૦/– ચુકવી આપવા.

– કૌટુંબીક હિંસા સામે સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૦૫ ની કલમ–૨૪ ની જોગવાઈ મુજબ આ હુકમની એક એક પ્રમાણિત નકલ વિના મુલ્યે અરજદાર તથા સામાવાળા નં .૧ નાઓને તથા કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનને તેમજ રક્ષણ અધિકારીને મોકલી આપવામાં આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૦૬ ઠ્ઠી, માહે માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : કપડવંજ

તા.૬/૩/૨૦૨૬

**(ઉત્તમકુમાર શંકરલાલ કાલાણી)**

બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,

કપડવંજ

Code No.GJ-01125

SAC